

# સત્યમ્ શિવમ્ સુંદરમ્નો સાક્ષાત્કાર કૈલાસ માનસરોવરનો પ્રવાસઃ ભાગ-૨

## તિબેટની ભૂમિ એટલે દેવોની ભૂમિ

– વૈશાલી પટેલ

તિબેટ હવે ચીની સરકારના હાથમાં છે. તેથી કૈલાસ માનસરોવર જવા માટે ચીનનો વિઝા જરૂરી છે. ૧૨૦૦૦થી ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા તિબેટને દુનિયાનું છાપરૂ કહે છે. તિબેટની ભૂમિ એટલે દેવોની ભૂમિ, ભગવાન શંકરના ધામ, પવિત્ર કૈલાસની ભૂમિ. માનસરોવરની ભૂમિ. તમે આ ભૂમિમાં પગ મૂકો કે તમને લાગે કે તમે શંકરભગવાનના વિસ્તારમાં આવી ગયા છો. આની ચર્ચા આપણે આગળની આપણી યાત્રામાં પણ કરીશું.

આપણા ગ્રંથોમાં કૈલાસનું મહત્ત્વ અનેક રીતે સમજાવ્યું છે. કૈલાસ પર્વતને મેરુ પર્વત પણ કહે છે. સુમેરુ પર્વત પણ કહેવાય છે.

ગીતામાં જણાવ્યા મુજબ **'મેરુ શીખરણામ્ અહમ્।**

**તુલસીદાસજીના વર્ણન મુજબ**

**"પરમ રમ્ય ગિરિવર કૈલાસ ।**
**સદા જહાં ઉમા શિવ નિવાસ ॥**

આ પવિત્ર કૈલાસ અને માનસરોવરની ભૂમિની આજુબાજુના વિસ્તારમાં કોઈપણ ધર્મનો માણસ ભલે પછી તે હિન્દુ હોય કે બૌધ્ધ હોય, ખ્રિસ્તી હોય કે મુસ્લિમ હોય તે આ દેખીતી દુનિયા પાછળના વાતાવરણમાં દૈવી તત્ત્વમાં એવો ધકેલાઈ જાય છે કે તે ક્યારે જીવ મટી શિવ થયો તેનું ભાન રહેતું નથી. ૨૨,૦૨૮ ફૂટની ઊંચાઈએ આવેલો કૈલાસ પર્વત તિબેટી ગ્રંથ અનુસાર દુનિયાનો થાંભલો છે. જેની આજુબાજુ આખુંય બ્રહ્માંડ પરીભ્રમણ કરે છે. અને વિષ્ણુ તેનું પાલન કરે છે અને શિવજી તેનો લય કરે છે. કૈલાસ પર્વતમાંથી મૂળ ચાર નદીઓ નીકળે છે. બ્રહ્મપુત્રા, સતલજ, કરનાલી, સિન્ધુ. કૈલાસપર્વતની



પરિક્રમા કરતાં ત્રણ દિવસ થાય છે. બ્રહ્માએ પોતાની મનોશક્તિથી માનસરોવર ઉત્પન્ન કર્યું એવું માનવામાં આવે છે. માનસરોવરની સમુદ્રતટ ઊંચાઈ ૧૪૯૫૦ ફૂટ છે. ઊંડાઈ લગભગ ૩૦૦ ફૂટ છે. ક્ષેત્રફળ ૨૦૦ ચો.માઈલ છે. ઘેરાવો ૫૪ માઈલનો છે. માનસરોવરનું વર્ણન શબ્દોથી કરવું લગભગ અશક્ય છે.

આ તિર્થસ્થાનોએ પહોંચવા પહેલાં ખૂબ મહેનત અને કઠીનાઈ હતી પરંતુ હવે નેપાળના માર્ગેથી જીપમાં બેઠા-બેઠા પહોંચાય છે.


### ૐ નમઃ શિવાય


હું મારા યાત્રીઓના ફોન આવે કે મારી સાથે યાત્રા પર હોય, શરૂઆત અમારી 'ૐ નમઃ શિવાય'થી જ થાય. તમે પણ મારા યાત્રી જ છો. આપને શબ્દો દ્વારા આ યાત્રા કરાવવાનો પ્રયત્ન કરી રહી છું.

કૈલાસયાત્રામાં યાત્રી પગપાળા જતો હોય કે જીપમાં જતો હોય. તકલીફો તો પડે જ છે. ભગવાન પાસે સાક્ષાત મળવા જવું કાંઈ સહેલું થોડું હોય? મને મારા એક યાત્રીની યાદ આવે છે. ૧૯૯૫માં અમે ભારત સરકાર દ્વારા યોજાતી યાત્રામાં સાથે હતાં. એમનું નામ મધુબહેન. મૂળ ભાવનગરનાં. હવે આ માર્ગની યાત્રામાં તે વખતે અમે કુલ ૩૭૫થી ૪૦૦ કિ.મી.નો પગપાળા પ્રવાસ કરતા. પહાડો, જંગલો, પથરાળ રસ્તાઓ, કાંટાવાળા રસ્તા, કાદવ ક્યારેક તો બરફ જેવા ઠંડા પાણીમાંથી પણ પસાર થતા. આવામાં મધુબેન ખુલ્લા પગે મજાથી ચાલે. હું ઘણીવાર પૂછતી; મધુબેન અમે લોકો બે જોડી ગરમ મોજા, સારામાં સારી કંપનીના બૂટ પહેરીને પણ ચાલવામાં તકલીફ અનુભવીએ છીએ, તો આપને આમ ખુલ્લાપગે કોઈ તકલીફ નથી પડતી! ક્યારેક તો અમે અડધો પગ બરફમાં ખૂપી જાય એવી જગ્યાએ પણ ચાલ્યા હતા. મધુબેન કહેઃ વૈશુ, તું તો નાની છે પણ જો આ ઉંમરમાં તને સમજાઈ જશે કે જ્યારે આપણે આપણા 'સ્વ'ને આપણી પોતાની જાતને પ્રભુને સમર્પિત કરી દઈએ, ત્યારે કેવા, 'સતચિત્ત આનંદ'નો અનુભવ થાય છે. મને વાગતા પ્રત્યેક કાંટા, પથ્થરો મને શાંતિ આપે છે. મારા પ્રભુના આ પ્રસાદ છે. વળી પાછા એમની ધૂનમાં એ ચાલવા લાગતા. મધુબેનની આ વાતે મારા જીવન પર સચોટ અસર કરી. બીજા એક હતા રાધાક્રિષ્નનભાઈ. મૂળ દક્ષિણ ભારતના. છેલ્લા સાત વર્ષથી કૈલાસયાત્રાએ આવવાનો પ્રયત્ન કરતા. પરંતુ આર્થિક પરિસ્થિતિના કારણે પાછા પડતા. છેલ્લા પાંચ વર્ષથી તે વિવાહીત છે. પરંતુ જ્યાં સુધી કૈલાસ માનસરોવરનાં દર્શન નહીં કરૂં ત્યાં સુધી પત્ની સાથે લગ્નસુખ નહી ભોગવું... જ્યારે તે કૈલાસયાત્રાએ આવ્યા ત્યારે તેમનું ઘર પણ વ્યાજ પર મૂકીને આવ્યા હતા. નાની પોટલી સાથે કૈલાસયાત્રા કરવા ચાલી નીકળ્યા હતા. આવા તો કેટલાય દાખલા છે. અમે એકવાર દારચેનમાં (કૈલાસ પરિક્રમાનો બેઈઝ કેમ્પ ઊંચાઈ ૧૫૫૦૦ ફૂટ) સાંજના પ્રાર્થના કરતા હતા. પછી ભજન-કીર્તન ચાલુ થયાં. મેં મારા કીરતાલ કાઢ્યા અને ધૂન શરૂ કરી. એટલી તો ધૂન જામી કે એ નાના ઓરડામાં જ્યાં અમે ૧૫થી ૨૦ યાત્રી બેઠા હતા ત્યાં ગરમી-ગરમી થઈ ગઈ. બધા બહાર ખુલ્લા મેદાનમાં આવી ગયા ક્યારે બહાર આવીને હું બેભાન અવસ્થામાં આવી ગઈ મને ખબર નથી. પરંતુ મને એટલું સંભળાતું હતું કે કોઈ મોટેથી બૂમ પાડતુ હતું. જુઓ શંકરદાદા બાળસ્વરૂપે આવ્યા. કોઈને નટરાજ સ્વરૂપ તો કોઈને તાંડવ સ્વરૂપ કરતા દર્શન થતા હતા. હું તો ધૂન ગવડાવવામાં અને ગાવામાં મગ્ન હતી. બીજે દિવસે સવારે યાત્રીઓએ મને કહ્યું કે આપણે ૨ કલાક સુધી બહાર મેદાનમાં હતા અને પછી હું બેભાન થઈ ગઈ. ત્યારે પણ કોને ઠંડી લાગતી હતી!? કોને ભાન હતું કે સ્વેટર, શાલ કશું પહેર્યુ નથી? બસ ખાલી રાતનાં અંધારામાં ચંદ્રમાનો પ્રકાશ સીધો કૈલાસ પર્વત પર પડતો હતો અને ખાલી પ્રભુ સ્વયં એ હિમખંડમાં દેખાતા હતા. મારો એ રાત્રીનો અનુભવ કેવી રીતે કહુ? બધાની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી અને પ્રભુ સ્મરણ ચાલતુ હતુ....

ક્રમશઃ


કૈલાસ-માનસરોવર યાત્રા
સત્યમ શિવમ સુંદરમ્નો સાક્ષાત્કાર
Kailash - Mansarovar Yatra





Attractive Packages Specially Designed For NRIs and Professional Services at Unbelievable Prices
(Helicopter Services Also Available)
For Details, Contact:
Vaishali Patel Shah
804-75 Charolais Blvd.
Brampton, On L6Y 2R8, Canada
Tel: 001 905 453 2855
Please Call After 2.00pm London Time
E-mail: vaishu@icenet.net
Web: www.trekkinginnepal.com


LVMT WORRIED ABOUT YOUR CAREERS